દર મહિનાની ૧૫મી તારીખે પ્રસિદ્ધ થતું માસિક

RNI No. GUJGUJ/2008/28227

# ભટ્ટમેવાડા વર્તમાન



તંત્રી : અશોકકુમાર કૃષ્ણલાલ મહેતા

Gandhinagar Monthly

■ વર્ષ : ૧ ■ અંક : ૯ ■ તા.૧૫-૦૭-૨૦૦૯ ■ બુધવાર ■ પાના - ૪ ■ કિંમત : રૂા.૫-૦૦ ■ લવાજમ : રૂા. ૫૦/-

રજીસ્ટર્ડ કાર્યાલય : ''સુકૃતિ'', પ્લોટ નં. ૬૮/૧, સેક્ટર-૩/એ (ન્યુ), ગાંધીનગર-૩૮૨ ૦૦૬ (ગુજરાત)

## શ્રીએકલિંગાષ્ટક સ્તોત્રમ્



*अगणित गुणसिन्धुं पार्वतीप्राणनाथं।*
*स्फटिकसद्रश देहं बालचन्द्रार्धभालम्॥*
*करघृतजपमालं कण्ठनीलाङ्कशोभं।*
*गणपतिजनिकारं चैकलिङ्गाख्यमीडे॥ १॥*

ગણી શકાય નહિ એવા અગણિત ગુણવાળા, પાર્વતીના પ્રાણનાથ, સ્ફટિકમણી સરખા ગૌર દેહવાળા, લલાટમાં અર્ધચંદ્રાકારથી શોભાયમાન, હાથમાં જપમાળા ધારણ કરેલી છે એવા, કંઠમાં લીલા ચિહ્નથી શોભતા અને ગણપતિના ઉત્પન્ન કરનાર એવા એકલિંગજીની સ્તુતિ કરું છું. (૧)

*हरिचितवन जातैः सेवि पादारविन्दं।*
*बलिसुत पुरपालं भक्तवात्सल्यधारम्॥*
*सुरनर मुनिपुञ्जैरीक्षितं ध्यानमूर्ति।*
*गणपतिजनिकारं चैकलिङ्गाख्यमीडे॥ २॥*

વનમાં ઉત્પન્ન થયેલા પુષ્પો થકી જેના ચરણારવિંદની સેવા થાય છે, બલિના પુત્ર બાણાસુરના નગરનું રક્ષણ કરનાર, ભક્તાધીન, દેવ અને મુનિઓના સમુદાય દષ્ટિ વડે ધ્યાન કરવા યોગ્ય મૂર્તિ અને ગણપતિના ઉત્પન્ન કરનાર એવા એકલિંગજીની સ્તુતિ કરું છું. (૨)

*अमितपतिततारं दक्षविध्वंसकारं।*
*मुनिभयमपहारं योगिध्येयांध्रियुग्मम्॥*
*विधिवितनित कीर्ति संसारतारं।*
*गणपतिजनिकारं चैतलिङ्गाख्यमीडे॥ ३॥*

અસંખ્ય પાપીઓને તારનાર, દક્ષ પ્રજાપતિના યજ્ઞનો ભંગ કરનાર, મુનિઓનો ભય ટાળનાર, યોગીઓએ ધ્યાન કરવા યોગ્ય, બ્રહ્મદેવ જેમની નિત્ય કીર્તિ ગાયા કરે છે, જેમનું નામ માત્ર સંસારતારક છે, એ ગણપતિના ઉત્પન્ન કરનાર એવા એકલિંગજીની સ્તુતિ કરું છું. (૩)

*दशमुखरिपुमित्र कालकालं करालं।*
*प्रचुरबल मनोजामर्दितारं निमेषात्॥*
*जगदवन समर्थं व्याघ्रचर्मादधानं।*
*गणपतिजनिकारं चैकलिङ्गाख्यमीडे॥ ४॥*

હે રાવણના શત્રુ અને રામચંદ્રજીના મિત્ર, કાળના કાળ કરાળ, મન થકી ઉત્પન્ન થયેલા, નિમેષ માત્રમાં કામક્રોધનો નાશ કરનાર, ગણપતિના ઉત્પન્ન કરનાર એવા એકલિંગજીની સ્તુતિ કરું છું. (૪)

*त्रिपुरभय विभीता भूमिसन्त्राणदक्षं।*
*नगवर हिमवज्जां वामभागे जुषाणम्॥*
*शवशयनविहारं प्रस्फुरंद्वढ मालं।*
*गणपतिजनिकारं चैकलिङ्गाख्यमीडे॥ ५॥*

ત્રિપુરને ભય પમાડનાર, ત્રિપુરાસુરનો નાશ કરનાર, પૃથ્વીનું રક્ષણ કરવાને દક્ષ, પર્વતોમાં શ્રેષ્ઠ જે હિમાલય, તેમાંથી ઉત્પન્ન થયેલ પાર્વતીજીને પોતાની ડાબી બાજુએ બેસાડનાર, સ્મશાનમાં આનંદ માણનાર, શોભાયમાન રુદ્રાક્ષની માળા ધારણ કરનાર, ગણપતિના ઉત્પન્ન કરનાર એવા એકલિંગજીની સ્તુતિ કરું છું. (૫)

*तरुवरवटमूले ज्ञानमुद्रोपविष्टं।*
*सकलगिनमलक्ष्यं ब्रह्म सम्पादयतम्॥*
*श्रवणमनन शौडै र्नारदाधैः परीतं।*
*गणपतिजनिकारं चैकलिङ्गाख्यमीडे॥ ६॥*

સર્વ વૃક્ષોમાં ઉત્તમ વૃક્ષના મૂળ આગળ જ્ઞાનમુદ્રાએ બેઠેલા, સઘળા વેદોમાં લક્ષ રાખી બ્રહ્મત્વ મેળવવા શ્રવણ મનન કરવાને બુદ્ધિમાન નારદાદિક જેમની ચોતરફ બેઠા છે, એવા ગણપતિના ઉત્પન્ન કરનાર એવા એકલિંગજીની સ્તુતિ કરું છું. (૬)

*कपिकलुषरिणा शेषदोषान्तकारी।*
*सुरधुनि धृतमौलिं भक्तसेकाभिलाषम्॥*
*स्फुरित करणनागं भस्मनोद्भासि देहं।*
*गणपतिजनिकारं चैकलिङ्गाख्यमीडे॥ ७॥*

જેણે ગંગાજીને પોતાના મુગટમાં ધારણ કર્યાં છે, જેને ભક્તના અભિષેકનો અભિલાષ છે, કાનને વિષે નાગનાં આભૂષણો અને ભસ્મ વડે કરીને શોભાયમાન છે અંગ જેમનું, એવા ગણપતિના ઉત્પન્ન કરનાર એવા એકલિંગજીની સ્તુતિ કરું છું. (૭)

*प्रसरति नहि यस्मिन्वाग्गतिः पण्डितानां।*
*यम नियमतोवा यं नमो नैव वेत्ति॥*
*निजजनवशगत्वं स्वल्प पूजोपयान्तं।*
*गणपतिजनिकारं चैकलिङ्गाख्यमीडे॥ ८॥*

જેમની સ્તુતિ કરવામાં પંડિતોની વાણી પણ પહોંચી શકતી નથી. યમ અને નિયમ વડે કરીને તત્પર એવા જેમને નમસ્કાર કરે છે, જેનું રૂપ કોઇ જાણી શકતું નથી અને પોતાના ભક્તને થોડી પુંજીથી વશ થાય છે, એવા ગણપતિના ઉત્પન્ન કરનાર એવા એકલિંગજીની સ્તુતિ કરું છું. (૮)

*रुद्राष्टकं कृतमिदं हरतत्परेण।*
*साम्ब प्रसन्न करणाय च वाग्विशुद्धयै॥*
*ये वैष्णवाः शिवपराश्च पठन्ति नित्यं।*
*ते यान्ति लोक ममलं विरजं मनुष्याः॥*

આ રૂદ્રાષ્ટક શંકરની સ્તુતિ વિશે તત્પર પુરુષે અંબિકાસહ વર્તમાન શંકરને પ્રસન્ન કરવાને અને વાણીની પવિત્રતાને અર્થે કર્યું છે. જે વૈષ્ણવો અથવા શિવભક્તો એકલિંગાષ્ટક સ્તોત્રનો નિત્ય પાઠ કરે છે તે મનુષ્યો નિર્મળ સોભાયમાન એવા કૈલાસ લોકને વિષે જાય છે.

## સજ્જનોથી અલંકૃત ધરતી

*अप्रिय वचन दरिद्रैः प्रियवचना ढ्यैः स्वदारपरितुष्टैः।*
*परपरिवाद निवृत्तैः क्वचित्क्वचिन्मण्डिता वसुधा॥*

*અપ્રિય વચનોમાં દરિદ્ર, પ્રિય વચનોમાં સમૃદ્ધા પત્નીથી સંતુષ્ટ અને બીજાની નિંદાથી દૂર રહેનાર એવા સજ્જનોથી પૃથ્વી ક્યાંક-ક્યાંક અલંકૃત છે.*

## તંત્રી સ્થાનેથી....

*સાંપ્રત સમાજનો પ્રવાહ આજકાલ કોઈ જુદી જ દિશામાં જઈ રહ્યો છે. પશ્ચિમી અસભ્યતાના અંધ અનુકરણના માર્ગે જઈ રહ્યો છે એમ કહેવું જરાય અતિશયોક્તિભર્યું નથી. જે ઘટનાઓ પૂર્વે સમાચાર તરીકે પશ્ચિમી દેશોમાં ઘટતી હતી તે અત્યારે આપણા દેશમાં બનતી જોવા મળે છે. અગાઉ બીજલ જોષી કાંડ થયો ત્યારે સભ્ય સમાજની આંખો પહોળી થઈ ગઈ હતી. ત્યારબાદ ઘટનાઓની હારમાળા થતી ગઈ. પાટણ ગેંગરેપકાંડ, સૂરત ગેંગરેપકાંડ, રાજકોટ ગેંગરેપકાંડ, દીપેશ-અભિષેક શંકાસ્પદ મૃત્યુકાંડ અને હવે અમદાવાદ લઠ્ઠા મૃત્યુ પ્રકરણ, જાણે કે સમાજ બદલાઈ ગયો છે.*

*આ સંજોગોમાં વાલીઓએ જાગૃત થવું પડશે. સંતાનોની દરેક વાતમાં ખબરદાર રહેવું પડશે. સંતાનોની દરેક સમસ્યાથી વાકેફ રહેવું પડશે. જરૂર જણાયે તેમને માર્ગદર્શન, સલાહ-સૂચન, હૂંફ તથા સહાય પૂરાં પાડવાં પડશે. પશ્ચિમી દેશોના હકારાત્મક પાસાઓનું અનુકરણ આવકાર્ય છે. પરંતુ પશ્ચિમી સંસ્કૃતિના નકારાત્મક, ખંડનાત્મક, સમાજને અધઃપતનના માર્ગે લઈ જતાં પાસાઓને રીતસરનો જાકારો આપવાનો સમય પાકી ગયો છે. જાગો વડીલો જાગો...!!*

## ગાંધીનગરના વાચકો જોગ

આગામી તા.૨૨-૭-૨૦૦૯ના રોજ અમાસનો શિવ મહિમ્ન-વિષ્ણુસહસ્રનામનો પાઠ શ્રી અમૃતભાઈ ઉપાધ્યાયને ઘેર સેકટર-૨૯માં રાખેલ છે. જ્યાં પાઠ પછી શ્રાવણ માસના પાઠ તેમજ લઘુરુદ્રની નોંધણી થશે. પાઠ-લઘુરુદ્ર નોંધાવવાની ઈચ્છા ધરાવનાર અચૂક હાજર રહે. પાઠ નોંધાવવા માટે પ્રકાશભાઈ ભટ્ટ (૨૩૨૩૦૮૨૨), બીપીનભાઈ જોશી (૨૩૨૨૪૬૧૪), અશોકભાઈ મહેતા (૨૩૨૨૫૨૮૭)નો સંપર્ક કરવો.


*With the Best Complements From*

**Sonu N. Bhatt**

(Agent)

NSC, KVP, MIS, R.D., Small Savings Scheme, LIC, UTI, PPF, Cos. Deposits, SRGE, ICICI Mutual Fund, RBI Relief Bonds

Residence : Plot No. 152/2,
Anand Vatika Society, Sector-22,
Gandhinagar-382022

Ph. 079-23227798 (M) 98250 30798


# ભગવાન મહાદેવનું સ્વરૂપ



**પર્વ વિશેષ**

**કનુભાઈ ત્રિવેદી**

ભગવાન મહાદેવની સ્તુતિ કરતાં કહેવામાં આવ્યું છે કે, ***'વંદે સૂર્ય શશાંક વહ્નિ નયનમ્'.***

ભગવાનને ત્રણ નેત્ર છે. સૂર્ય, ચંદ્ર અને અગ્નિ. ચંદ્રમા જગતને શીતળતા અને આનંદ આપે છે અને સૂર્યરૂપી નેત્ર અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરે છે. જ્યારે અગ્નિનેત્ર રાગ-મોહ વગેરે દોષોનું દાહક છે. આ ત્રિનેત્રની ઉપર ભાલ પ્રદેશમાં બીજનો ચંદ્રમા ધારણ કરેલો છે. શુક્લપક્ષ બીજનો ચંદ્રમા દિન-પ્રતિદિન વૃદ્ધિ પામતો જાય છે, પ્રકાશિત થતો જાય છે, એ પ્રક્રિયા દર્શાવે છે કે જેનું જીવન દિન-પ્રતિદિન ધર્મમાર્ગે વધતું જતું હોય, પરોપકારથી પ્રકાશતું હોય તેવી વ્યક્તિને મહાદેવ અપનાવે છે.

ભગવાન મહાદેવના અંગ ઉપર સાપ વીંટલાયેલા છે. સ્થૂળ અભિપ્રાય મુજબ મંગળ કે અમંગળ બધુ જ ઈશ્વરના શરીરમાં છે. અન્ય અભિપ્રાય મુજબ મહાદેવ સંહારના સ્વામી છે એટલે સંહાર માટેની સામગ્રી પણ તેમની પાસે હોવી જોઈએ. સર્પ કરતા વધારે સંહારક અને તમોગુણી બીજું કોઈ નથી. કારણકે સર્પ પોતાના બચ્ચાને પણ ખાઈ જતો હોય છે. અન્ય એક અભિપ્રાય મુજબ સૂર્યની આસપાસ જે ગ્રહો ફરે છે તેમનો ફરવાનો માર્ગ સર્પકુંડળી જેવા આકારનો છે અને બધા જ ગ્રહો ઈશ્વરના શરીરમાં અર્થાત્ બ્રહ્માંડના અંતર્ગત રહેલા છે એટલે ભગવાન મહાદેવના અંગ ઉપર આભૂષણરૂપે સર્પોની સ્થિતિ દર્શાવી છે.

ભગવાન મહાદેવ જ્ઞાન સ્વરૂપ છે અને જ્ઞાનનો પ્રકાશ કહેવામાં આવે છે જેથી તેમનો વર્ણ શ્વેત કલ્પેલ છે. તે જ રીતે વૃષ શબ્દ ધર્મ માટે પણ વપરાય છે. ધર્મમેઘ નામની સમાધિમાં બ્રહ્માદિ દેવો પણ સ્થિર થઈ શક્તા નથી પરંતુ મહાદેવ આ પ્રકારની સમાધિમાં લીન થઈ શકતા હોવાથી તેઓ વૃષવાહન (વૃષભવાહન કે નંદીવાહન) કહેવાય છે.

ભગવાન મહાદેવને ગંગા અને પાર્વતી નામની બે પત્નીઓ છે અને ગણેશ-કાર્તિકેય નામના બે પુત્રો છે. જેથી તેઓ સંસારી છે તેમ છતાં તેઓ સંસારમાં આસક્ત નથી. સંસાર એ અમંગળ અને સ્મશાન જેવો છે એ દર્શાવવા મહાદેવને સ્મશાનવાસી કહ્યા છે. ભગવાન મહાદેવનું સ્મશાનવાસી બિરુદ સંસારને સ્મશાન સમજીને વ્યવહાર કરવાનું સમજાવે છે. સંસારમાં રહીને વ્યવહાર તો કરવાનો છે, પરંતુ મહાદેવના જ્ઞાનસ્વરૂપને હૃદયમાં ધારણ કરીને વ્યવહાર કરવાનું સૂચવે છે.

ભગવાન મહાદેવનું પૂજન લિંગસ્વરૂપે કરવામાં આવે છે. લિંગ એટલે ચિહ્ન અથવા લક્ષણ. અન્ય દેવોની પ્રતિમાઓને મૂર્તિ કહેવામાં આવે છે. કોઈના માટે લિંગ શબ્દ વપરાતો નથી. લિંગમાં કોઈપણ પ્રકારનો આકાર કે સ્વરૂપ હોતું નથી. આપણે પૂર્ણવિરામ માટે જે ચિહ્ન વાપરીએ છીએ તેવું જ લિંગનું સ્વરૂપ હોય છે. તે દર્શાવે છે કે જ્યારે બધુ પૂર્ણ થઈ જાય અથવા તો પ્રલયના જલમાં બધુ ગરકાવ થઈ જાય ત્યારે શિવલિંગમાં બધુ સમાઈ જાય છે.

ભગવાન મહાદેવની પાસે સુધાકરની શીતળતા છે, તો વળી અગ્નિની દાહકતા પણ છે, અમૃત છે અને વિષ પણ છે. પરંતુ ભાલ પ્રદેશ પરના ચંદ્રના અમૃતનું સ્પષ્ટ દર્શન કરાવે છે જ્યારે બહારથી દષ્ટિગોચર ન થાય તે રીતે વિષને ગ્રીવામાં રાખી મૂકે છે. દેવી અન્નપૂર્ણા પાસે ભિક્ષાટન કરતા હોવા છતાં પોતે સમગ્ર સંપત્તિનું ઉત્પત્તિસ્થાન છે.

શિવજીએ કામદહન કર્યું છે. કામ શબ્દનો અર્થ થાયછે 'ઈચ્છા'. ભગવાન મહાદેવને કોઈપણ પ્રકારની ઈચ્છા હોતી નથી. એમણે બધી જ ઈચ્છાઓને જ્ઞાનાગ્નિ વડે ભસ્મીભૂત કરી નાખી છે. દેવ, દાનવ કે માનવને કોઈપણ પ્રકારની ઈચ્છા હોય છે એ અર્થમાં દેવ, દાનવ અને માનવ કામદેવની હારેલા છે, પરંતુ મહાદેવની કોઈપણ પ્રકારની ઈચ્છા કે કામના ન હોઈ એ દષ્ટિએ તેમણે કામદહન કર્યું છે. જો કામદેવનો અર્થ 'મદન' તરીકે લેવામાં આવે તો પૃથ્વી પર ભિષ્મ પિતામહ, હનુમાનજી જેવા બ્રહ્મચારીઓ પણ થઈ ગયા છે એટલે મહિમ્ન સ્તોત્રમાં ***'અસિદ્ધાર્થા નૈવ'*** કહ્યું છે તે ખોટું પડે. જેને વસ્ત્રની જરૂર નથી, વસવાટની જરૂર નથી, વાસણ કે વૈભવની જરૂર નથી એવા પૂર્ણકામ અને કામદહન ભગવાન મહાદેવજી છે.

# મહાયોગી, મહાતપસ્વી, મહાવૈરાગી, નિર્વિકારી, પરમ કલ્યાણકારી, પ્રલયકારી, પરમાનંદમાં લીન ભગવાન શિવ




દિપક રાવલ 'અજ્ઞાત'

અનેક અલંકારયુક્ત વાણીના કર્તા દેવગુરુ બૃહસ્પતિની સ્તુતિ પણ જેમને (શિવને) પ્રભાવિત કરી શકતી નથી, જેમની કલમ ક્યારેય વિરામ પામતી નથી એવા વિદ્યાની દેવી સરસ્વતી સદાકાળ લખ્યા કરે તો પણ જેમનાં (શિવનાં) મહિમાનો પાર આતો નથી, સૃષ્ટિકર્તા બ્રહ્મા હંસનું સ્વરૂપ લઇને અને પાલક ભગવાન મહાવિષ્ણુ મેળવવા માટે ગયા તો પણ તેનો છેડો (અંત) મળ્યો નહિ. તેવા પરમ કલ્યાણકારી અને નિર્વિકાર ભગવાન સદાશિવનું વર્ણન કરવા માટે જ્યારે દેવો પણ સમર્થ નથી ત્યારે શિવ મહિમાનું વર્ણન કરવા માટે આ તૃણતુલ્ય જીવનો પ્રયાસ કેટલો નિરર્થક ગણાય ? પરંતુ આ સમસ્યાનું સમાધાન કરતાં ગંધર્વરાજ પુષ્પદંતાચાર્ય પ્રસિદ્ધ 'શિવ મહિમ્ન સ્તોત્ર'માં કહે છે કે 'હે પ્રભુ ! આપે આપેલી શક્તિ મુજબ પક્ષીઓ ઊડે છે તે જ પ્રમાણે મનુષ્યમાત્ર પોતાની બુદ્ધિ મુજબ આપનું ભજન કરે છે, છતાં પણ આફ આ પ્રકારનાં ક્ષુલ્લક જીવો પ્રત્યે અમૃતવર્ષા વહેવડાવો છો, તેમાં કોઇ સંદેહ નથી. તેથી જ તો સમગ્ર માનવજાત ભગવાન શિવને ભોળનાથનું નામ આપેલ છે. ચાર વેદ પણ પોકારી પોકારીને કહે છે. નેતિ-નેતિ કારણકે શિવનો મહિમા વાણી અને મનથી બહાર પાડે છે, મહાપંડિતોની કલમ હાથમાંથી છૂટી જાય છે, હાથ ધ્રૂજવા માંડે છે, એવા પ્રલયંકારી અને ભક્તવત્સલ શિવ ભક્તોની ઇચ્છાઓ પૂરી કરવા માટે શ્રાવણ મહિનામાં વિશેષરૂપથી વિદ્યમાન રહે છે. આવો બંધુઓ, થોડો વિનમ્ર પ્રયત્ન કરીએ શિવતત્ત્વનો જાણવાનો....

**स्मशानेष्वाक्रिडा स्मरहर पिशाचा सहचरा,**
**श्चिताभस्मालेपः स्त्रगपी नृकरोटीपरीकरः।**
**अमङ्गल्य शीलं तव भवतु नामैयमखिलं,**
**तथापिस्मतृर्णा वरद परमं मङ्गलमसि॥ २४॥**

अर्थात् : हे मदनदहन, जीन को देखने या सनने से ग्लानि तथा भय होता है, जेसा कि स्मशान तो खेलने का स्थान, खिलाडी भूत-पिशाच आदि, आभूषण चिता की भस्म, जो शरीर मे लगा हुआ, मनुष्यो की खोपडीयों की हारमाला पहने हुए ये सब अमङ्गल पदार्थ है फिर भी वरद शिव, स्मरण करनेवालो का आप सर्वदा मंगल ही करते हो।

મહાયોગી, મહાતપસ્વી, મહાવૈરાગી, ભગવાન શિવ મહાશિવરાત્રિના દિવસે શિવલિંગરૂપે પ્રગટ થયા હતા. આમ આદિ અને અંતથી રહિત પરમાત્મા શિવ બ્રહ્માંડના કલ્યાણ અર્થે નિરાકારમાંથી શિવલિંગરૂપે સાકાર થયા હતા. અષ્ટાધ્યાયી રુદ્રીમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે અનંતકોટિ બ્રહ્માંડો તો ફક્ત શિવનાં સ્વરૂપનો ચોથો ભાગ જ છે તે તો ફક્ત શિવનું દેખી શકાય એ ઐશ્વર્યમાત્ર છે. બાકીનો ત્રીજો ભાગ પરમાત્મા શિવ બ્રહ્માંડની પેલે પાર પૂર્ણ જ્યોતિર્મય સ્વરૂપમાં વિદ્યમાન છે. જેનો અંશ માત્ર પરમહંસો તેમજ યોગીઓ, સંન્યાસી, સમાધિસ્થ થઇને નીરખી શકે છે. એ પ્રકાશ અબજો સૂર્યો કરતાં પણ વધુ શક્તિશાળી છે.

શ્રુતિ પણ એ જ કહે છે : 'एको ही रुद्रो न द्वितीयाय तस्थु....'. વેદ કહે છે પરમાત્મા સ્ત્રી પણ નથી અને પુરુષ પણ નથી. તે તો નિરાકાર, નિર્ગુણ, જાતિરહિત છે. આ એક પૂર્ણ સત્ય અનેકવાર વેદોમાં પોકારવામાં આવ્યું જ છે, માટે તો એકને એક વાત કરતા માનવીને લોકો વેદીયો કહે છે.

મહાન શિવભક્ત ઉપમન્યુ કહે છે :

**सविषोऽप्यमृतायते भवाञ्छवमुण्डाभरणोपि पावनः।**
**भव एव भवान्तकः सतां समद्रष्टिर्विषमेक्षणोपीसन्॥ ६॥**

(जयशङ्कर स्तोत्र, श्लोक-6)

અર્થાત્ : આપ હલાલ કાલકુટ નામના વિષને ધારણ કરનારા છતાં પવિત્ર છો. ભવ (સંસારને ઉપજાવનારા) છતાં ભક્તના ભવતાંક (સંસારનો નાશ કરનારા) છો અને વિષમ દૃષ્ટિવાળા એકી નેત્રવાળા (ત્રણ નેત્રવાળા) છતાં સર્વના પર સમદૃષ્ટિવાળા છો. હે સ્મરામે ! તમારા પૂજનમાં નથી કોઇ પૈસાની જરૂર પડતી કે નથી કોઇ વિશેષ સામગ્રીની. ફક્ત ધતુરાનું ફૂલ અને બિલીપત્રથી આપ પ્રસન્ન થઇ જાઓ છો. આટલું સસ્તુ પૂજન હોવા છતાં બદલામાં આફ મોક્ષ સામ્રાજ્ય લક્ષ્મી આપો છો. જે દેવોને પણ દુર્લભ છે. કેટલો સસ્તો સોદો છે ? એટલા માટે જ આપ આશુતોષ અને ઓઢરદાનીના નામથી વિભૂષિત છો. પરંતુ શિવ, શિવ હું એવો આત્મદ્રોહી છું કે આ બધુ જાણતો હોવા છતાં મારું જીવન વ્યર્થ જ નષ્ટ કરી રહ્યો છું. ઇન્દ્રિયોને વશીભૂત થઇને વારંવાર પાપોના ખાડામાં પડું છું.

ઉપમન્યુ આગળ કહે છે : હે શશીશેખર ! હું આપની આજ્ઞાની અવહેલના કરતો સદાચારના માર્ગને પરિત્યાગ કરીને પશુની જેમ નિર્લજ ફરું છું. જન્મ-જન્માંતરોમાં એડા મોટા પાપો કર્યા છે કે કરોડો જન્મો લેવાથી પણ છુટકારો સંભવ નથી. હવે તો આ દુઃખદાયક સ્થિતિને પાર કરવાનો કોઇ ઉપાય હોય તો ફક્ત આપની કૃપાનું અવલંબન જ છે. માટે આ દીનની તરફ પણ થોડી કૃપા કરો.

શિવ જગનિયંતા જગદીશ્વર છે, ઇશ્વર અને મહેશ્વર શિવનાં પર્યાય શબ્દ છે જે ભગવાન શિવ અને વિષ્ણુમાં ભેદ જુએ છે તે મહાઅપરાધી છે. શિવ ખૂબ દયાળુ છે, શિવના હજારો નામો છે. પ્રલય કર્યા બાદ પણ જગત પર અનુકંપા કરીને સૃષ્ટિની રચના માટે પ્રવૃત્ત થાય છે.

**विरञ्चीः पञ्चत्वं व्रजती हरिराम्पोति विरती**
**विनाशं किनाशो भजती धनदो याति निधनम्।**
**वितन्द्रि माहेन्द्री विततिरपी सम्मिलती दशां**
**महासंहारेस्मिन विहरती, सति, त्वत्पतिरसौ॥**

(सौंदर्यलहरी, श्लोक-२६)

ભાવાર્થ : 'હે સતી ! મહાપ્રલય કાળનાં સમયે બ્રહ્મા પંચત્વ (મૃત્યુ)ને પામે છે. હરિ (વિષ્ણુ)નું અસ્તિત્વ પણ વિરામ પામે છે. યમરાજાનો પણ વિનાશ થાય છે. કુબેર ભંડારીનું પણ નિધન થાય છે અને કરોડો જોજન દૂર જોઇ શકતા, શચિના પતિ ઇન્દ્રની આંખો પણ મિંચાઇ જાય છે. આ દશામાં સમગ્ર વિલિન થાય છે ત્યારે આ મહાસંહારમાં આપના પતિ શિવ એકલા જ વિહાર કરતાં રહે છે. અદ્વૈતમાંથી દ્વૈતના અનેક સ્વરૂપે શિવ પ્રવિષ્ટ થાય છે. એક રુદ્રમાંથી અનેક રુદ્ર સ્વરૂપે કરુણાકર પરમાત્મા શિવ બ્રહ્માંડનું કલ્યાણ કરે છે. શિવજીએ યોગાચાર્યના અવતાર પણ ધારણ કરેલાછે. સનાતનકાળની દેવ-દાનવ અને માનવ શંભુની પૂજા-અર્ચના કરી રહ્યાં છે. અસુરોના તો આરાધ્ય દેવ મહાદેવ જ રહેલા છે. અસુરો કઠીન તપ કરી શકે છે. મહાદેવને તપ તથા ભજન ખૂબ પ્રિય હોવાથી અકલ્પનીય વરદાન આપી દે છે. મહાશક્તિશાળી બાણાસુર કે જેની શોણિતપુરમાં રાજધાની હતી તેને શિવ અને પાર્વતીએ પોતાનો પુત્ર માન્યો હતો. તેથી જ તો ઓખાહરણમાં જગવિખ્યાત પ્રસંગ છે કે બાણાસુરની રક્ષા કરવા મહાદેવ પોતે ભગવાન શ્રીકૃષ્ણ સામે અદ્રશ્ય રહીને યુદ્ધ કરતા હતા. જો કે તાત્ત્વિક દૃષ્ટિએ આ પરમાત્માની લીલાનો એક અંશ માત્ર છે.

હરી અને હર એક જ છે, અભેદ છે તેમાં ભેદ જોનાર કોઇપણ મનુષ્ય મહામૂર્ખ છે. ઋષિ વિશ્રવા અને માતા કૈકશીનો પુત્ર લંકાપતિ મહાન શિવભક્ત રાવણ જ્યારે કૈલાશ પર્વત પાસે ઊભા રહીને મહાદેવને પડકારવાની ધૃષ્ટતા કરી બેઠો ત્યારે પ્લાયસચલીતાં ગુષ્ટ શિરસી... મહાદેવનાં ફક્ત અંગુઠાના સ્પર્શથી તેને પાતાળમાં પણ સ્થિર રહેવું મુશ્કેલ બની ગયું.

આ અત્યંત દયનીય સ્થિતિમાં રાવણે કરેલી સ્તુતિ જટાવિગલજ્જલ પ્રવાહ પાવિતસ્થલે... મશહુર છે. આ સ્તોત્રનો એક-એક શબ્દ રોમાંચ જગાવે છે. આ સ્તોત્ર ઉંચા અવાજે ગાવાથી આપણા શરીરની અંદરના કંપનો વાઇબ્રેટ થાય છે. વાળથી પણ પાતળી આપણા શરીરની અંદરની નશો જો બંધ પડેલી હોય તો ક્રિયાશીલ થાય છે. જબરજસ્ત ઉર્જાથી ભરેલું છે આ સ્તોત્ર. આ શિવતાંડવ સ્તોત્રથી પ્રસન્ન થઇને મહાદેવ શિવલિંગમાં બિરાજમાન થઇને રાવણ સાથે લંકાનગરી આવવા માટે તૈયાર થયા હતા. કારણકે રાવણના માતા કૈકશીને વ્રત હતુ કે મહાદેવનાં દર્શન કરીને જ અન્ન-પાણી લેવા. કૈકશી જે શિવલિંગની નિત્ય પૂજા કરતા હતા તે ખંડિત થઇ ગયુ હતું. ખંડિતની પૂજા થઇ શકે નહીં તેથી જ તો ખુદ રાવણ મહાદેવને લેવા કૈલાશ પર્વત પહોંચ્યો અને ધૃષ્ટતા કરી બેઠો હતો. ફક્ત એક શ્લોક પર નજર કરીએ આ શક્તિશાળી સ્તોત્રનાં....

**जटाकटाहसम्भ्रमभ्रमन्निलिम्पनिर्जरी**
**विलोलवीचिवल्लरी विराजमानमूर्धनी।**
**धगद्धगद्गज्ज्वललाटपट्ट पावके**
**किशोरचन्द्रशेखरे रतिः प्रतिक्षण मम्॥**

(ताण्डवस्तोत्र, श्लोक-2)

अर्थात् : अति गंभीर कटाहरूप जटाओ मे अति वेग से विलासपूर्वक भ्रमण करती हुइ देव नदी गंगाजी की चंचल लहर जीन शिवजी के शीश पर लहरा रही है तथा जिन के मस्तक मे अग्नि की प्रचंड ज्वालाए धधक-धधक कर के प्रज्जवलित हो रही है एसौ बालचन्द्रमां से विभूषित मस्तकवाले शिवजी मे मेरा अनुराग प्रतिक्षण बढता रहे।

મહાભારતના શાંતિ પર્વમાં પરશુરામશિષ્ય ભિષ્મ પિતામહ કહે છે : હે ધર્મરાજ યુધિષ્ઠિર ! શરીરધારી કોઇપણ જીવાત્મા શિવતત્ત્વનું નિરૂપણ કરી શકે નહીં. આમ છતાં ખુદ શ્રીકૃષ્ણચંદ્ર પરમાત્મા અહીં હાજર હોવાથી તું તેની પાસે શિવમહિમા જાણી લે.

ગહનમાં ગહન છે આ શિવતત્ત્વ. તાત્ત્વિક દૃષ્ટિએ જોતાં શિવમંદિરમાં રહેલા નંદી (પોઠીયો) ધર્મનું પ્રતિક છે. કાચબો ઇન્દ્રિય સંયમનું પ્રતિક છે. તેની પૂજા કરવામાં આવે છે, જેથી પ્રાણીમાત્ર પ્રત્યે સદ્ભાવ પ્રગટ થાય છે. એ જ રીતે ગજમુખ ભગવાન શ્રીગણેશ તેમજ કપિમુખ હનુમાનજીની પણ પૂજા કરવામાં આવે છે. ગર્ભગૃહમાં અંદર રહેલા શાલિગ્રામ સ્વરૂપ ભગવાન મહાવિષ્ણુની તેમજ ગંગાજી, પાર્વતી તેમજ ભગવાન સૂર્યનારાયણની પૂજા-અર્ચના-વંદના કરવામાં આવે છે. છેવટે ભગવાન સદાશિવનું ષોડશોપચાર પૂજન થાય છે. તત્વાર્થ એ છે કે પ્રાણીમાત્ર પ્રત્યે સદ્ભાવ તેમજ સર્વદેવોનું પૂજન કર્યા બાદ જ શિવભક્ત ભગવાન મહાદેવનાં પૂજન કરવાનો અધિકારી બને છે. આ રીતે શ્રાવણ મહિનામાં પંચદેવનું આપોઆપ પૂજન થઇ જાય છે. આ પંચદેવો જ છે. સમગ્ર બ્રહ્માંડો અને શિવતત્ત્વ જાણવાના રહસ્યો આ પંચદેવો (શિવ-પાર્વતી-ગણેશ-વિષ્ણુ-સૂર્ય)ની કૃપા પ્રાપ્ત થતા જ શિવભક્ત પરમ આનંદમાં લીન હોવાનો અનુભવ કરે છે.

**અસ્તુ**

# સમાજના વિદ્યાર્થી ભાઈ-બહેનોને શિષ્યવૃત્તિ આપનાર ટ્રસ્ટો

(ગતાંકથી ચાલુ)

- Pheroze Sethna Memorial Trust, C/o. Parsi Panchayat, 209, Dr. D.N.Road,Mumbai-001
- Shri Phjrojshah Godrej Foundation, Godrej Bhavan, Marzban Road, Mumbai-400 001
- Sir Ratan Tata Trust, Bombay House, Homi Mody Street, Mumbai- 400 023
- Shri M. C. Ghia Charitable Trust, Opp. Churchgate Station, Mumbai- 400 020
- Shri N. M. Wadia Charities, N.M.Wadia Bldg., 123, M. G. Road, Mumbai - 400 001
- Shri Ramji Tejsi Gala & Smt. Lakhmibai Gala Charity Trust, Navneet Bhavan, Near Shardasshram, Bhavanishankar Road, Dadar, Mumbai- 400 028 (West)
- Reliance Co., Maker Chamber No.5, 3rd Floor, Backbay Reclamantion, Mumbai
- Sheth Tulsidas Gopalji Trust, Near Mahalaxmi Temple, Bhulabhai Desai Road, Mahalaxmi, Mumbai 400 001
- Shri Siddhi Vinayak Temple Charities, Prabhadevi, Mumbai-400 025
- Sahu Jain Trust, Times House, 4th Floor, 7, Bahadursha Zaffar Marg, New Delhi-110 001
- Sheth Pestionji Devar Charitable Trust, C/o. Bombay Parsi Panchayat, 209, D. N. Road, Fort, Mumbai 400 001
- Ramkrishna Bajaj Charitable Trust, Bajaj House, Nariman Point, Mumbai 400 021
- Rasikbhai Maniar, 18, New Marine Lines, Maker Bhavan, Mumbai- 400 021
- Sheth Falji Maharaji Variva Charitable Trust, Lalaji Morarjee Building, 3rd Floor, Opp. Churchgate Station, Mumbai 400 020
- Sorabji Titina Charity Trust, C/o. Mr. Framroze Chinoy, 11/2, Ristom Baug, Victoria Road, Mumbai 400 027
- S. L. Kirloskar Managing Trustee, Sambekar Trust, Udyog Bhavan, Tilak Road, Poona-02
- S. R. Bomanji Trust, 60, Forbes Street, Mumbai
- Mrs. S. R. Watcha Bai Hamabai Framji Cama Charity Trust, Saher Building, 51-B, Bhulabhai Desai Road, Mahalaxmi, Mumbai- 400 026
- Sanjivani Trust, 2nd Floor Everest Bldg., Near Tardev Bus Stop, Mumbai Central (West)
- A. H. Wadia Charitable Trust, 50, V.D. Gandhi Road, Forbes Street, Mumbai 400 023
- Shree Dirajlal Morarge Ajmera Charity Trust, 37/A, Sarang Street, Mumbai 400 003
- Manging Trustee, Shirdi Saibaba Sansthan, Shirdi, Dist. Nasik, Maharashtra
- Shri Vithoba Temple Trust, 7, A.K.Naik Road, Fort, Mumbai 400 001
- Shree Dilipkumar Tahini Medical Trust, Bhajipala Street, C/o. Zanith Export Corporation, Near Bombay Markantial Co. Op. Bank, Mumbai-03
- Jalaram Trust, Jalaram Satsang Mandal, Zaveri Raod, Mulund (East), Mumbai 400 080
- Madhawaji Kangi Charitable Trust, Riddhi House, 2nd Floor, 88, Yusuf Maharulla Road, Masjid, Mumbai- 400 009
- Navil Wadia Chartity Trust, Navil House, Dellard Estate, Mumbai 400 023
- G. I. Sidhaniya Charitable Trust, 14-15, Milap, Plot No. 102, Sion (East) Mumbai 400 022

**આજે જ આપનું લવાજમ બુક કરાવો.**

**ફક્ત રૂ.૫૦/-**

સુકૃતિ, પ્લોટ નં.૬૮/૧, સેક્ટર-૩-એ (ન્યુ)

**ગાંધીનગર**

# ભગવાન શિવ-વિષ્ણનું સ્વરૂપ

## ભગવાન શિવનું સ્વરૂપ

| | | |
|---|---|---|
| પત્ની | : | પાર્વતી |
| પુત્રો | : | ગણેશજી, કાર્તિકેય |
| વાહન | : | નંદી અથવા શ્રૃંગી |
| વસ્ત્ર | : | વ્યાઘ્રચર્મ |
| આયુધ | : | ત્રિશૂલ, વેદની અંદર શિવજીને ધનુષધારી કહ્યા છે. આ ધનુષ પિનાક, ભવચાપ, અજગવ કે આજગવ તરીકે ઓળખાય છે. |
| માળા | : | નાગ અથવા મુંડમાળા |
| નૃત્ય | : | તાંડવ |
| પ્રિય પત્ર | : | બિલીપત્ર |
| પ્રિય પુષ્પ | : | ધતુરો |
| પ્રતીક | : | લિંગ |
| પાર્ષદ | : | ભૈરવ |
| વર્ણ | : | ગૌર |
| વાદ્ય | : | ડમરું |
| શિરસ્રાણ | : | બીજનો ચંદ્ર અને ગંગાયુક્ત જટા |
| નિવાસ | : | કૈલાસ |
| અલંકાર | : | ભસ્મ અને મુંડમાળા |

## ભગવાન વિષ્ણુનું સ્વરૂપ

| | | |
|---|---|---|
| પત્ની | : | લક્ષ્મીજી |
| પુત્રો | : | કોઈ પુત્ર હોવાનો ઉલ્લેખ નથી. જુદા જુદા અતારોમાં પુત્રોનો ઉલ્લેખ છે. રામાવતારમાં લવકુશ; કૃષ્ણાવતારમાં પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ વગેરે.... |
| વાહન | : | ગરુડ. અન્ય વાહન તરીકે અશ્વને પણ કલ્પ્યો છે. આ ચાર અશ્વના નામ બ્લાષ્ક, શૈલ્ય, મેઘપુષ્પ અને સુગ્રીવ છે. |
| વસ્ત્ર | : | પીતાંબર |
| આયુધ | : | શંખ, ચક્ર, ગદા અને પદ્મ. શંખનું નામ 'પાંચજન્ય', ચક્ર 'સુદર્શન', ગદા કૌમોદકી અને પદ્મ એટલે કમળ. અન્ય આયુધોમાં તલવાર 'નદક', ધનુષ્ય 'શારંગ' અને દંડ હોય તો દંડનું નામ 'તોત્રવેત્ર' છે. |
| માળા | : | વૈજયંતી |
| નૃત્ય | : | કૃષ્ણાવતારમાં રાસલીલાનું નૃત્ય |
| પ્રિય પત્ર | : | તુલસી |
| પ્રિય પુષ્પ | : | પારિજાત |
| પ્રતીક | : | શાલિગ્રામ |
| પાર્ષદ | : | જય અને વિજય |
| વર્ણ | : | શ્યામ |
| વાદ્ય | : | કૃષ્ણાવતાર સમયે વાંસળી. |
| શિરસ્રાણ | : | મુકુટ |
| નિવાસ | : | વિષ્ણુલોક, વૈકુંઠ કે ક્ષીરસાગર |
| અલંકાર | : | કૌસ્તુભમણિ |

## શિવ સ્તુતિ

अहो कृपाल नेत्रभाल निर्गुण निरञ्जन,
त्रिलोकपाल व्यालमाल कष्टकाल भञ्जनम्।
त्रिशूलधारी भूतचारी अर्धचन्द्रशेखरम्,
वेदान्त शास्त्र शोधकं नमामि नाथ शङ्करम्॥

कैलाशवासी धामकाशी धारकं निरामयम्,
अघोरमन्त्र साधकं निगम्बरम् धृतीशयम्।
ब्रह्माण्डभूप ब्रह्मरूप भगपूञ्ज भास्करम्,
वेदान्त शास्त्र शोधकं नमामि नाथ शङ्करम्॥

विशुद्ध कीर्ति ज्ञानमूर्ति गौरी मौली मण्डनम्,
अपार योगदर्शनम् अनेक दुष्ट दण्डनम्।
नगेन्द्रपुत्री शैलीतं निजार्षयं मनोहरम्,
वेदान्त शास्त्र शोधकं नमामि नाथ शङ्करम्॥

प्रतापपूर्ण शत्रुचूर्ण सर्वकाल शाश्वतं,
ग्रिवाणीवाणी वर्धकम्, सदाशिवं शिवादतम्।
उपेन्द्रसही कार्यक्रम्, उमापति जटाधरम्,
वेदान्त शास्त्र शोधकं नमामि नाथ शङ्करम्॥

- દિપક રાવલ 'અજ્ઞાત'

**'ભટ્ટમેવાડા વર્તમાન' સામયિકમાં આપના મંતવ્યો, લેખો, સમાજોપયોગી સૂચનો, જાહેરાતો, લવાજમ વગેરે આપવા સંપર્ક કરો.**

**(મો) 98244 59694**

**Owner, Printer, Publisher & Editor** Ashokkumar Krishnalal Mehta, **Printed** : Capital Offset, Plot No. L-801/1, G.I.D.C., Sector-28, Gandhinagar
**Published** : "Sukruti", Plot No. 68/1, Sector-3/A (New), Gandhinagar (GUJARAT) 382 006